સંક્ષિપ્ત સમાચાર

કતારગામ બાલાશ્રમની શાળામાં 'માતૃ દેવો-પિતૃ દેવો-ગુરુદેવો' થિમ સાથે ગણેસોત્સવ ઉજવાયો

સુરતઃ કતારગામ ખાતે બાળાશ્રમ ટ્રસ્ટ સંચાલિત એમ.એ.બી. સંચાલિત શ્રીમતી સવિતાબેન હિમતલાલ લોખંડવાલા પૂર્વ પ્રાથમિક તથા ધોરણ 1થી 8 ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળામાં તા.17 સપ્ટેમ્બર, ગુરુવારના રોજ ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય સંજયભાઈ જાદવ, સુપરવાઇઝર, શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગણપતિ બાપાની આરતી અને પૂજા હર્ષોલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. આચાર્ય સંજયભાઈ જાદવે વિદ્યાર્થીઓને પ્રસંગોચિત ઉદબોધન કરી ગુરુ અને માતા-પિતાના જીવનમાં રહેલા મહત્ત્વ અંગે સમજ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને 'માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ'નો સંદેશ આપી માતા-પિતા તથા ગુરુજનો પ્રત્યે આદરભાવ રાખવા પ્રેરિત કર્યા હતા.

ટી. એમ. પટેલ સ્કૂલમાં ગ્રાન્ડ પેરેન્ટ્સ ડેની ઉજવણી

સુરતઃ ટી. એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ગ્રાન્ડપેરેન્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દાદા-દાદી અને નાના-નાનીનું તિલક કરી પુષ્પ અર્પણ કરી તેમનું સ્વાગત કર્યું હતું. નૃત્ય પ્રસ્તુતિ બાદ અંતાક્ષરીમાં ગ્રાન્ડપેરેન્ટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભજનો, 80ના દાયકાનાં ગીતો અને સંવાદોએ જૂની યાદોને તાજી કરી હતી. મનોરંજક રમતો, ફૂટપ્રિન્ટ એક્ટિવિટી અને ગરબા સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. સ્કૂલના ડિરેક્ટર-પ્રિન્સિપાલ કે. મેક્સવેલ મનોહરે જણાવ્યું કે, આવા કાર્યક્રમો પેઢીઓ વચ્ચેના સ્નેહ અને સંસ્કારના સંબંધોને વધુ મજબૂત બનાવે છે.

ઉદ્યોગપતિ સમ્રાટ પાટીલે મોદીના જન્મદિને 76 દિવ્યાંગોને વ્હીલચેર ભેટ આપી

સૂરત. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 76મા જન્મદિવસ નિમિત્તે શહેરમાં સેવા અને સમર્પણનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. સાઈલીલા ગ્રુપના સંચાલક, ભાજપના નિષ્ઠાવાન કાર્યકર, યુવા ઉદ્યોગપતિ અને સમાજસેવક સમ્રાટ પાટીલ દ્વારા આયોજિત આ ખાસ કાર્યક્રમમાં 76 દિવ્યાંગ વિદ્યાર્થીઓને વ્હીલચેર વિતરણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વ્હીલચેર મળતાં જ દિવ્યાંગ બાળકોના ચહેરા ખીલી ઊઠ્યા હતા અને સમગ્ર માહોલ ઉત્સાહથી ભરાઈ ગયો હતો. કાર્યક્રમના આયોજક સમ્રાટ પાટીલે જણાવ્યું હતું કે આદરણીય ડૉ. કનુભાઈ ટેલરની પ્રેરણા અને માર્ગદર્શનથી આ સેવા કાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે નિષ્ઠા સાથે દેશ અને સમાજની સેવામાં સમર્પિત છે, તેનાથી દરેક નાગરિકને જનસેવાની પ્રેરણા મળે છે.

મોદીના જન્મદિને હીરાબા ખમ્મા ફાઉન્ડેશન ફૂટપાથનાં બાળકોની વહારે

સુરત : દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના 76માં જન્મદિવસ પર હીરાબાનો ખમ્મકાર ફાઉન્ડેશન દ્વારા રસ્તા અને ફૂટપાથ પર જીવન વિતાવતા બાળકોના નાનાં-નાનાં સપનાઓને સાકાર કરવાના સંકલ્પ સાથે એક વિશેષ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. હીરાબાનો ખમ્મકાર ફાઉન્ડેશનના પિયુષ દેસાઈ એ જણાવ્યું હતું કે, સેવા અહીં પૂર્ણ થતી નથી, આ કાર્યક્રમ અંતર્ગત લગભગ 76 પરિવારોને પ્રતિ પરિવાર 25,000ની આર્થિક સહાય આપવામાં આવશે, જેથી તેઓ પોતાનો નાનો વ્યવસાય, રોજગાર અથવા સ્વરોજગાર શરૂ કરી શકે.

ડો. કિરીટ ડુમસિયાનું 'ગીતા અને કૃષ્ણ' વિષય પર પ્રવચન

સુરત : ક્રિષ્ણા સંસ્કાર કેન્દ્ર તરફથી શહેરના જાણીતા તબીબ ડો.કિરીટભાઈ ડુમસિયાનું '' ગીતા અને કૃષ્ણ '' વિષય પર તા. 21 - 09 - 2026 ના રોજ પ્રવચન યોજાયું હતું. તેમણે ખુબ સરળ રીતે ગીતાનું રહસ્ય અને ગીતાનું જીવનમાં મહત્વ વિષે સમજાવ્યું હતું. શ્રીમતી રક્ષાબેન લાઈન્સવાલાએ આવકાર પ્રવચન અને શ્રીમતી જ્યોતીબેન ગાંધીએ આભારવિધિ આટોપી હતી. સભાનુ સંચાલન શ્રી રજનીકાંત મોદીએ સંભાળ્યું હતું. પ્રવચન બાદ શ્રી સુરેન્દ્ર દલાલ, જીતેન્દ્ર લવાણા, સુમનભાઈ પટેલ અને ભગવતીભાઈ પટેલ તેમનો પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો.

એલઆઇસી સ્ટાફ ક્વાટર્સ નાનપુરા ખાતે ચિત્ર સ્પર્ધા

સુરત : નાનપુરા એલઆઇસી સ્ટાફ ક્વાટર્સ ખાતે ગણેશ ઉત્સવની ઉજવણી દરમિયાન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત એલઆઇસીના ડીએમ અજિંક્ય કદમ દ્વારા બાળકોને ઇનામનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અડાજણમાં મહિલાએ ઘરની પાણીની ટાંકીમાં ઝંપલાવી જીવન ટુંકાવ્યું

સુરતઃ મૂળ ભાવનગરના વતની નરસિંહભાઈ લુબી હાલમાં અડાજણના પરશુરામ ગાર્ડન નજીક આવેલી સેતુવિલા સોસાયટીમાં બે સંતાન સહિત પરિવાર સાથે રહે છે અને બિલ્ડરના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમની 54 વર્ષીય પત્ની રમીલાબેન છેલ્લા સાતેક મહિનાથી ડિપ્રેશનની બીમારીથી પીડાતા હતા. દરમિયાન આજે સવારે રમીલાબેને ઘરની અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હોવાનું સામે આવ્યું હતું. રમીલાબેન ઘરમાં નજરે ન પડતાં પતિ નરસિંહભાઈએ તેમની શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન ઘરની પાણીની ટાંકી અર્ધી ખુલ્લી હાલતમાં મળી આવતા શંકા ગઈ હતી. ટાંકીમાં જોતા રમીલાબેન મૃત હાલતમાં મળી આવ્યા હતા. બનાવને પગલે અડાજણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વરાછામાં પ્રેમિકાની સહેલીના પ્રેમીનો યુવક ચપ્પુથી હુમલો

સુરતઃ વરાછાના નાઇટ ગલી, માતાવાડી ખાતે રહેતા અને મૂળ પશ્ચિમ બંગાળના ૨૩ વર્ષીય કુદુબુદ્દીન મોપેજુદ્દીનની પ્રેમિકા સીયા રમેશ ચૌહાણ અગાઉ તેના મકાનની બાજુમાં રહેતી હતી. છેલ્લા બારેક દિવસથી સીયા પોતાનો સામાન લઇ તેની મિત્ર તાનીયા સિંગ સાથે માતાવાડી આહીર સમાજની વાડી સામે આવેલ ઈશ્વરકૃપા વિભાગ-૨માં રહેવા ગઈ હતી. જોકે, બંને મિત્રો વચ્ચે તકરાર થતાં તાનીયાએ સીયાને રૂમ ખાલી કરી સામાન લઇ જવા કહ્યું હતું. જેની અદાવત રાખી તાનીયા તેના પ્રેમી આકાશ ઉર્ફે કોયલા પટેલ (રહે. ચંદ્ર કોલોની, વરાછા) સાથે એક્ટિવા પર ત્યાં આવી પહોંચ્યો હતો અને ચપ્પુથી હુમલો કરી દીધો હતો. આ ગુનામાં પોલીસે આકાશ ઉર્ફે કોયલા જીવલાલ ચૌધરી (પટેલ) (ઉ.વ.૩૧, ધંધો- શાકભાજી વેચવાનો, મૂળ રહે. ગોરખપુર, ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી છે.

હુમલામાં ઈજા થતાં સ્મીમેરમાં ખસેડાયા તો ત્યાં પણ માર માર્યો

નવસારી બજારમાં મટન વેચતા પપ્પુ પંછીના પરિવાર પર કોસાડમાં હુમલો

હુમલાખોરો સ્મીમેરમાં પણ પહોંચી ગયા અને ત્યાં પણ હંગામો કર્યો

સુરતઃ કોસાડ આવાસમાં રહેતા પરિવારને બે નંબરનો ધંધો કરતા હોવાનું કહી તેમના પર હિંસક હુમલો કરી દેવામાં આવ્યો હતો. વાત આટલેથી અટકી ન હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે સ્મીમેરમાં ખસેડાયા ત્યાં પણ તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો.

કોસાડ આવાસમાં રહેતા અને નવસારી બજાર ખાતે મટન વેચતા સરફરાજ ઉર્ફે પપ્પુ પંછી ઈસ્માઇલ કુરેશી ગત તા. ૨૧/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૮ વાગ્યાના સુમારે પોતાના ઘરે પત્ની બિસ્મિલ્લાહ અને બહેન રાયલા સાથે હાજર હતા. ત્યારે મહોલ્લામાં રહેતો મસ્તાન ઉર્ફે મુસ્તુફા સલીમ શેખ અચાનક તેમના ઘરમાં ઘૂસી ગયો હતો અને 'તમે અહીં બે નંબરના ધંધા કરો છો' કહી ગાળાગાળી કરવા લાગ્યો હતો. તેની પાછળ તસ્લીમ ઉર્ફે હીના અને યામીન હોચી પણ ઘરમાં ઘૂસી આવ્યા હતા અને મારપીટ શરૂ કરી દીધી હતી. દરમિયાન મસ્તાન ઉર્ફે મુસ્તુફાએ પોતાની પાસે રહેલું ચપ્પુ સરફરાઝની પીઠના ભાગે ઝીંકી દીધું હતું. આજુબાજુના લોકો ભેગા થઈ જતાં 'આજે બચી ગયો છે, ફરી સામે આવીશ તો મારી નાંખીશ' તેવી ધમકી આપી હતી.

તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓ ફરાર થઈ ગયા હતા.ઈજાગ્રસ્ત સરફરાઝને પીઠમાંથી લોહી નીકળતું હોય અને બહેન રાયલાને હાથે ઈજા થઈ હોય, તેઓ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં સ્મીમેર હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં હુમલાખોર મુસ્તાન ઉર્ફે મુસ્તુફા તથા તેની બે બહેનો તસ્લીમ ઉર્ફે હીના અને સના પટેલ ફરી ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે હોસ્પિટલમાં જ બેફામ ગાળો આપી હંગામો મચાવ્યો હતો. રાયલાએ હોસ્પિટલમાં શાંતિ રાખવા કહેતાં હીના અને સના પટેલે તેને મોઢા પર પાંચ-છ ઝાપટો મારી દીધી હતી, જેના કારણે તેના કાનના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ મામલે સરફરાઝની ફરિયાદના આધારે અમરોલી પોલીસે આરોપીઓ (૧) મુસ્તાન ઉર્ફે મુસ્તુફા, (૨) તસ્લીમ ઉર્ફે હીના, (૩) યામીન હોચી અને (૪) સના પટેલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓલપાડમાં ગોળીબાર કેસમાં ત્રણને પાંચ વર્ષની કેદ

ભાગતા ફરતા પાંચ જણાં સામે અલગથી ટ્રાયલ ચલાવવાનો હુકમ

સુરતઃ સુરતના ઓલપાડ તાલુકાના નઘોઈ ગામે વર્ષ ૨૦૦૪માં જમીન વિવાદ અને કપાસનો પાક ઉખાડી નાખવા બાબતે થયેલી હિંસક અથડામણ તથા ગોળીબારના કેસમાં ત્રણ આરોપીને એડીશનલ સેશન્સ જજ ભાવેશ અવાશીયાએ પાંચ વર્ષની કેદ અને દરેકને દંડ ફટકાર્યો હતો. આ કેસની વિગત એવી હતી કે તા. ૨૫ ઓક્ટોબર ૨૦૦૪ના રોજ ઓલપાડના નઘોઈ ગામની સીમમાં આવેલી સર્વે નં. ૨૮૧ વાળી જમીનમાં આ બનાવ બન્યો હતો. મૂળ ફરિયાદી જશવંતભાઈ બાલુભાઈ આહીર અને તેમના બનેવી જશવંતભાઈ બુધિયાભાઈ આહીર ખેતરમાં કપાસનો પાક જોવા ગયા ત્યારે આરોપીઓએ ટ્રેક્ટર ફેરવીને પાકને નુકસાન કર્યું હોવાનું જણાયું હતું. જ્યાં કાન્તીભાઈ ભીખુભાઈ પટેલ, તેના ભાણેજ અને અન્યો સાથે બોલાચાલી થતાં હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. આ દરમિયાન એક આરોપી સિક્યુરિટી દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ફરિયાદીના બનેવી જશવંતભાઈ બુધિયાભાઈ આહીરને ગંભીર ઈજા થઈ હતી. આ અંગે હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી અધિક સેશન્સ કોર્ટમાં આરોપી પરેશકુમાર ગણપતભાઈ પટેલ, કાન્તીભાઈ ભીખુભાઈ પટેલ , કિરીટભાઈ ગણપતભાઈ પટેલ (રહે. નઘોઈ, તા. ઓલપાડ) સામે ચાલી હતી. આ કેસમાં રજુ કરાયેલાં સાહેદ સાક્ષી પૈકીના પંચ સાક્ષી હોસ્ટાઈલ જાહેર થયા હતા. સરકાર પક્ષે એપીપી દિપેશ દવે હાજર રહી ફરિયાદ પક્ષે રજુઆત કરી હતી. તમામ પક્ષકારોની રજૂઆત અને પુરાવાના અધ્યન બાદ કોર્ટે આરોપી પરેશકુમાર ગણપતભાઈ પટેલ, કાન્તીભાઈ ભીખુભાઈ પટેલ ,કિરીટભાઈ ગણપતભાઈ પટેલને પાંચ વર્ષની સજા ફટકારી હતી.

માર્કેટ સળગાવનાર વિનોદનો ગેટ એનાલિસિસ ટેસ્ટ કરાશે

હાલ આરોપી પાંચ દિવસના રિમાન્ડ પર છે

સુરતઃ સારોલીની શ્યામ સંગિની ટેક્સટાઇલ માર્કેટમાં 9 સપ્ટેમ્બરની મધરાતે લાગેલી ભીષણ આગ બાદ ક્રાઈમ બ્રાન્ચે ઘટનાના 13મા દિવસે ડિંડોલી ફ્લાવર ગાર્ડન પાસેથી વિનોદ સાવલેને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ સારોલી પોલીસે કોર્ટમાંથી તેના પાંચ દિવસનાં રિમાન્ડ મેળવ્યાં છે. રિમાન્ડ દરમિયાન પોલીસ હવે આગ લગાવવાનાં કારણો ઘટનાની પૂર્વ તૈયારી અને નુકસાન અંગે વધુ તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ વિનોદે ચહેરા પર માસ્ક પહેર્યો હોવાથી સીસીટીવી ફૂટેજમાં દેખાતા શખ્સની ઓળખ અંગે વધુ વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. ઈન્સ્પેક્ટર એસ.આર.વેકરિયાના જણાવ્યા મુજબ FSLની હાજરીમાં વિનોદનો ગેટ એનાલિસિસ ટેસ્ટ કરાવવામાં આવશે.

ડિંડોલીમાં રહેતો અને મૂળ મહારાષ્ટ્રના શિરપુરનો 33 વર્ષીય વિનોદ સાવલે એપ્રિલ મહિનામાં શ્યામ સંગિની માર્કેટની દુકાન નં.638માં જેકોર્પ ઇન્ડિયા અને જગદંબા ટેક્સટાઇલના શેઠ હનુમાન દ્વારકાપ્રસાદ જવર પાસે 30 હજારના માસિક પગારે એકાઉન્ટન્ટ તરીકે નોકરીએ જોડાયો હતો. વિનોદના જણાવ્યા મુજબ નોકરી દરમિયાન શેઠ હનુમાન જવર અને મુખ્ય એકાઉન્ટન્ટ સુમિત તેને 'તને એકાઉન્ટનું 10 ટકા કામ પણ નથી આવડતું' કહી માનસિક રીતે હેરાન કરતા હતા. આથી તેણે નોકરી છોડી દીધી હતી. નોકરી છોડ્યા બાદ બાકી રહેલા 10 હજારના પગારની વારંવાર માંગણી કરવા છતાં રકમ ન મળતાં તેનામાં રોષ વધ્યો હતો.

પોલીસની પૂછપરછમાં વિનોદે જણાવ્યું કે બાકી પગારની રકમનું મહત્ત્વ શેઠને સમજાવવા માટે 50 હજારથી 1 લાખ સુધીનું નુકસાન પહોંચાડવાનો ઇરાદો હતો. આ માટે તેણે મોઢે માસ્ક પહેરી માર્કેટમાં પ્રવેશ કર્યો હતો અને 150નું પેટ્રોલ છાંટી આગ લગાવી દીધી હતી. જોકે, આગે ગણતરીની મિનિટ્સમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં 17 જેટલી દુકાનોમાં રહેલો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

ચેક રિટર્ન કેસમાં મનપાના પટાવાળાને એક વર્ષની સજા

સુરતઃ રૂ.૪.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં સુરત મનપાના પટાવાળા તરીકે નોકરી કરતાં આરોપી અમિત ભીખુ સોલંકીને કોર્ટે એક વર્ષની સજા અને ચેકની રકમ વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો હતો. જમીન મકાનની દલાલીનું કામ કરતાં પરેશ ચૌહાણ પાસેથી આરોપી અમિતએ કુલ રૂપિયા ૪.૫૦ લાખ હાથ ઉછીના લીધા હતા. જે કોરોના મહામારીના કારણે પરત કરી નહીં શકતા બાંહેધરી કરાર કરી આરોપીએ ચાર ચેક આપ્યા હતા. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીને દોષિત ઠેરવી સજા કરી હતી. ચુકાદા સમયે આરોપી ગેરહાજર હોવાથી બિનજામીનલાયક વોરંટ કાઢવાનો હુકમ કોર્ટે કર્યો હતો.

વલસાડ-સુરત મેમુ શરૂ કરવા માટે રેલવે મંત્રાલયની મંજૂરી

સુરત, નવસારી : વલસાડ-સુરત મેમુ શરૂ કરવા માટે રેલવે મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જરૂરી વહીવટી અને તક્નિકી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આગામી સમયમાં આ મેમુ ટ્રેનની નિયમિત સેવા શરૂ કરવામાં આવશે. નવસારી, બીલીમોરા, અમલસાડ સહિતના વિસ્તારોમાંથી સુરત તરફ રોજ અવરજવર કરતા વિદ્યાર્થીઓ, નોકરિયાતો, વેપારીઓ અને અન્ય મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને મેમુ સેવા શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી. આ મુદ્દે કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા નવસારીના સાંસદ સી. આર. પાટીલ અને નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળી રજૂઆત કરી હતી. મુસાફરોની દૈનિક અવરજવર અને હાલની જરૂરિયાત અંગે રજૂઆતને ધ્યાને લઈ રેલવે મંત્રાલયે મેમુ સેવાને મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને સાંસદ સી. આર. પાટીલ અને ભુરાભાઈ શાહે રજૂઆત કરી હતી.

સિટીલાઇટમાં રૂ. ૧૮ લાખનો ફ્લેટ પચાવી પાડનાર સામે ફરિયાદ

સિટીલાઇટ રોડ ઉપર રૂ. ૧૦.૭૬ લાખ ભાડું ચૂકવ્યા વિના ફ્લેટ ખાલી નહીં કરી ધમકી આપી

સુરતઃસિટીલાઇટ રોડ પર આવેલા કરોડોના ફ્લેટને ભાડે રાખ્યા બાદ ખાલી ન કરી ગેરકાયદે કબજો જમાવનાર સામે લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધાયો છે.

સિટીલાઇટ રોડ પર આવેલા શીતલ એપાર્ટમેન્ટમાં રહેતા કાપડના વેપારી કૌશલ ઓમપ્રકાશ તિબરેવાલો વર્ષ ૨૦૦૬માં પોતાના તથા ભાઈ સુનીલકુમારના નામે શીતલ એપાર્ટમેન્ટનો ફ્લેટ નં. ૩૦૦૧ મૂળ માલિક પ્રકાશજી દુધાણી પાસેથી રૂ. ૧૮ લાખમાં ખરીદ્યો હતો. વર્ષ ૨૦૧૯માં એક દલાલ મારફતે પુરૂષોત્તમ દેવકિશન સોમાણી નામના શખ્સે રૂ. ૨૮,૦૦૦ના માસિક ભાડાથી આ ફ્લેટ ભાડે રાખ્યો હતો. ૧૧ માસના ભાડા કરાર બાદ શરત મુજબ અન્ય બે વર્ષની મુદત પણ ફેબ્રુઆરી-૨૦૨૪માં પૂર્ણ થઈ ગઈ હતી. કરાર પૂરો થતાં ફ્લેટ માલિકે અવારનવાર ફ્લેટ ખાલી કરવા જણાવવા છતાં આરોપી પુરૂષોત્તમ સોમાણીએ બાળકોની સીએની પરીક્ષા અને અન્ય ખોટાં બહાના બતાવી સમય પસાર કર્યો હતો. ત્યારબાદ જુલાઈ-૨૦૨૪માં જ્યારે કૌશલભાઈ અને તેમના કંપની સેક્રેટરી (સીએસ) ફ્લેટ ખાલી કરાવવા અને ડોક્યુમેન્ટ માંગવા ગયા ત્યારે આરોપીએ ફ્લેટ ખાલી કરવાનો સ્પષ્ટ ઇનકાર કરી 'તમારાથી થાય તે કરી લો' તેવી ધમકી આપી હતી.

નિવિદા નં. એસએફ-૬ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી (મા×મ) વિભાગ, જુનાથાણા, નવસારી ફોન નં. (૦૨૬૩૭) ૨૫૮૦૪૧ દ્વારા ઈ-ટેન્ડરીંગથી પદ્ધતિથી ટેન્ડરો માંગવામાં આવે છે.

અ. નં.	કામનું નામ	અંદાજી રકમ રૂા. લાખમાં
૧	બ્લેક સ્પોટ રેક્ટીફીકેશન એન્ડ રોડ સેફ્ટી ઈમ્પ્રુવમેન્ટ વર્ક્સ ઈન્ક્લુડીંગ રોડ ફર્નિચર એન્ડ ટ્રાફિક સાઈનેજ એઝ પર રોડ સેફ્ટી ઓડીટ રીકમાન્ડેન્શ જી.નવસારી	રૂા.- ઈ-૧ અને ઉપરના

ટેન્ડરો દસ્તાવેજો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપર તા.૦૫/૧૦/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે.

ફક્ત નિવિદા રાજ્ય સરકારની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળી શકશે.

વધારાની વિગતો માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતિ.

કાર્યપાલક ઈજનેર
નવસારી (મા×મ) વિભાગ
નવસારી

માહિતી/નવસારી/૩૨૪/૨૦૨૬

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

DGVCL

કાર્યપાલક ઇજનેરશ્રી ની કચેરી
કડોદરા (સં. અને નિ.) વિભાગીય કચેરી
૬૬ કે.વી. એસ.એસ કમ્પાઉન્ડ, કડોદરા તાઃ- પલસાણા જીઃ-સુરત ૩૯૪૩૨૭
ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા બાબત.

આથી અમારા માનવંત ગ્રાહકો ને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીના કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ ને સમય સુધી વીજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી છે.

ક્રમ	સબસ્ટેશનનું નામ	ફીડરોના નામ	સબડીવીઝનનું નામ	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ/ વાર	સમય
૦૧	૬૬ કેવી તાંતીથૈયા	૧૧ કેવી તમામ ફીડર / ૬૬ કેવી જે. કે. લક્ષ્મી સિમેન્ટ લી./ ૬૬ કેવી દુર્ગા પ્રોસેસર્સ	કડોદરા ઇન્ડ / પલસાણા / કડોદરા ૨	૧૯૧૨૩	૨૬.૦૯.૨૦૨૬/ શનિવાર	૦૮:૦૦ થી ૧૫:૦૦

કાર્યપાલક ઇજનેર, કડોદરા ડીવીઝન
ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

જોઇએ છે

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી - સુરત, જિ સુરત સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ પી દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનાં પત્ર ક્રમાંક ક્વટ/ISC-3/NOC/ મુ.વધારો ૧૨૧૨૫ તાઃ ૧૮/૦૯/૨૦૨૬નાં પત્રથી નીચે મુજબની જગ્યા સીધી ભરતીથી પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરવાની થાય છે.

ક્રમ	મંજૂર કરેલ જગ્યાનું નામ	મંજૂર કરેલ જગ્યાની સંખ્યા	અનામત કેટેગરી	લાયકાત	પગાર ધોરણ	વય મર્યાદા
૧	જુનિયર ક્લાર્ક	જુનિયર ક્લાર્ક	દિવ્યાંગજનોની ખાસ ભરતી અંતર્ગત ફાળવેલ સામાન્ય દિવ્યાંગ PH (General)	સરકારશ્રીના ધારા ધોરણ મુજબ જે તે વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી અને ગુજરાત રાજ્ય સરકારશ્રીની માન્ય સંસ્થાની કોમ્પ્યુટર પરીક્ષા પાસ	૨૬૦૦૦/- પાંચ વર્ષ માટે ફિક્સ પગાર	ગુજરાત સરકાર અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ

સદર જગ્યા રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટી વિભાગ તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરવાની થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના લેખિત પરીક્ષાના અભ્યાસક્રમના માળખા મુજબ લેખિત પરીક્ષા આપવાની રહેશે. રાજ્ય સરકારશ્રીની માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઇએ અને કોમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક છે. રાજ્ય સરકારશ્રીનાં ધારા ધોરણ અનુસાર આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયેથી સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં નિયમિત કરી શકાશે. અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર નથી. વિદ્યાર્થી સંખ્યા વધઘટ અથવા કોઈ કારણસર સદર જગ્યા રદ થાય તો ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી. લાયકાત ધરાવતાં ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ માં R.P.A.D. થી અરજી કરવી. અરજી સાથે L.C., ગુણપત્રકો, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, અનુભવના પ્રમાણપત્રો પ્રમાણિત કરી જોડવા. અધુરી વિગતવાળી અને આધાર વિનાની અરજી અમાન્ય ગણવામાં આવશે. અરજી સાથે રૂ. ૫૦૦/- નો નોન રીફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ 'J. Z. Shah Arts & H. P. Desai Commerce College Amroli' ના નામનો સામેલ રાખી નીચેના સરનામે અરજી મોકલી આપવી. ભરતી અંગેની વિગતવાર માહિતી વેબસાઈટ www.acs.ac.in ઉપર જોવી.

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી - સુરત

ક્રમાંકઃ માહિતી-સુરત/૬૪૯/૨૦૨૬

ટુંકી મુદતની જાહેર નિવિદા
વર્ષ ૨૦૨૫-૨૬ :: જાહેર હરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરાજીથી ઇમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે,નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના દેવધા ગામે ગ્રામ પંચાયત કચેરી - દેવધા દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઇમલાની જાહેર હરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે તે સ્થિતિમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે.જેથી જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા રહેવું.

ક્રમ	અસ્કયામત અને ઇમલાની વિગત	જાહેર હરાજીની તારીખ	જાહેર હરાજીનો સમય	જાહેર હરાજીનું સ્થળ
૧	સાંસ્કૃતિક ભવન (મંદિર ફળિયા)	૦૧/૧૦/૨૦૨૬	બપોરે ૧૨:૦૦ કલાક	ગ્રામ પંચાયત હોલ દેવધા, તાલુકો - ગણદેવી, જીલ્લો - નવસારી
૨	જાહેર શૌચાલય (૨ ભાગ) (વલ્લભનગર)			
૩	આંગણવાડી (વલ્લભનગર)			

જાહેર હરાજીની શરતો,બોલીઓ,નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામા આવશે. તથા ઉપરોક્ત